# -:ક્રિસમસ:-

" જીવનને પ્રકાશિત કરવા ઈશુ દ્વારા પ્રભુની જે શિક્ષાઓ મળી છે એમનું યથાર્થ પાલન કરી આપણા જીવનને સુખમય, શાંતિમય અને સ્વચ્છ, નિર્મળ, ચરિત્રવાન બનાવીએ."

નાનપણમાં સાંભળેલી વાતો આજે પણ તાજી છે કે "એક મહાન પુરુષને લોકોએ પથ્થરો માર્યા અને તેના હાથપગમાં ખીલા ઠોકી અને ક્રોસ પર ચઢાવી દેવામાં આવ્યો અને સજા ફટકાર્યાનો આત્મસંતોષ લીધો" પણ એ ખબર નહોતી કે સજા એને નહી, પરંતુ એ લોકોએ પોતાને જ હંમેશા માટે લોકોની નજરે નફરતની સજાને પાત્ર બન્યા છે અને લોકોના દિલની નફરતરૂપી ક્રોસ પર હંમેશા માટે ચઢી ગયા છે, તો કોણ હતા એ મહાપુરુષ!!! કોણ હતા એ સહનશીલતાની મૂર્તિ!!! કોણ હતા એ ફરિશ્તા ? કોણ હતા એ દરિયાદિલ, ક્ષમાસ્વરૂપ, નેક દિલ દયાળુ, કૃપાળુ ? જેમણે આ અણમોલ ગુણોના રત્નોનું શિક્ષણ સંસારી મનુષ્યોને શિખામણ, ભલામણ, આદેશના રૂપમાં આપ્યું કે અપકારીઓ ઉપર પણ ઉપકાર કરો, દુશ્મનને પણ મિત્ર માનો. કોઈને પણ ક્યારે દોષ ન દો. કારણકે ઈશુએ આ પાપીઓને જેમણે તેમના પર જુલમો કર્યા એમના માટે કહ્યું કે "હે પરમપિતા પરમાત્મા ! તમે એમને ક્ષમાં કરજો. કારણકે એને ખબર નથી કે તેઓ શું કરી રહ્યા છે," આવી બેમિસાલ સહાનુભૂતિથી ભરેલ ક્ષમા ઈશુ જ કરી શકે છે કે જે પોતાને સ્વયંને ગોડફાધરના સન એટલે કે પરમપિતા પરમાત્માનું બાળક કે સંતાન સમજતા હતા, કહેવાતા હતા અને એવા જ ગોડફાધર જેવા પરમપિતા પરમાત્મા જેવા ગુણોને અપનાવીને પરમપિતા પરમાત્મા ગોડફાધર પ્રતિ સ્નેહ, શ્રદ્ધા અને વિશ્વાસ જગાડતા હતા. જેઓ ગોડફાધરે આપેલ કાર્યને કરી પાપીઓને મુક્ત થવાનો રસ્તો બતાવતા, જગતને એક નવી દિશા બતાવી, પંથ ભુલેલાને પંથ બતાવ્યો અને હેવનલી ગોડફાધર એટલે કે જે સ્વર્ગના રચયિતા છે. જે પોતાના બાળકોને હેવીન (સ્વર્ગ)માં લઈ જાય છે અને સ્વર્ગના સુખ, શાંતિ, પવિત્રતાના દર્શન કરાવે છે અને એ લોકોને એવા ફરિશ્તા બનાવે છે કે ફરિશ્તાઓના સંબંધ ફક્ત પરમપિતા પરમાત્મા સાથે જ હોય છે. આવા ફરિશ્તાઓ ઇશુની જેમ સૃષ્ટિ પર જન્મે છે, આવે છે, અવતરે છે અને પ્રભુનો સંદેશ આપવાનું અને લોકોને પાપકર્મથી બચાવવાનું કાર્ય કરે છે અને જગતમાં આદર્શ બને છે. આદર્શ જીવન વ્યતીત કરે છે

અને પ્રભુએ દીધેલ જીવન, જે જીવન પ્રભુનું વરદાન છે એ વરદાનને સાર્થક કરે છે અને જીવન સફળ કરે છે.  આજે કેટલાય વર્ષો પછી આ વાતો સ્પષ્ટ થઇ કે નાતાલની રજાઓમાં નાની મોટી ચર્ચમાં કે દરેક જગ્યાએ આ ઇશુની વાર્તાનું વર્ણન કરતી ઝાંખીઓ શા માટે બનાવવામાં આવે છે અને ઝાંખીઓ શું સંદેશ આપે છે.  શા માટે વૃદ્ધરૂપમાં શાંતાકલોઝ દેખાડવામાં આવે છે, જે આવે છે અને બાળકો માટે ધણી બધી ભેટ લાવે છે અને એ બધાને આપે છે અને એ ભેટની સાથે સાથે એમના મનને, હૃદયને સુખથી, નિર્દોષતાથી, ઉમંગથી, ઉત્સાહથી ભરી દે છે.  જેનું પોતાનું કોઈ નથી તેમને પોતાપણું આપે છે અને તેમના જીવનમાં ઉમંગ ઉત્સાહ ભરી દે છે.  આશાના નવા કિરણથી જીવન ચમકાવી દે છે.  પરંતુ મનમાં પ્રશ્ન થાય કે આ શાંતાકલોઝ કોણ છે ? ક્યાંથી આવે છે ?ક્યાં જાય છે?

અને એ વૃદ્ધ શા માટે ?  જે જૂના વર્ષની જૂની દરેક વસ્તુને પોતાની સાથે લઈ જાય છે, વિદાય આપે છે.  નવી વ્યક્તિ, નવી ચીજો, નવી આશાઓને અર્થાત નવી સવારને પોતાની સાથે લાવે છે અને દરેકને ખુશી મળે એવી ગીફ્ટ આપે છે અને કહે છે કે બસ હવે આ નકારાત્મકતાથી ભરેલ, જુલમ-ત્રાસથી ભરેલી દુનિયા વિદાય લેવા પર છે.  આ દુનિયા હવે ઘરડી થઇ ગઈ છે, જૂની થઇ ગઈ છે, હવે આ ગઈ કે ગઈ.  હવે નવો તો નવી દુનિયા, નવા ઉત્સાહ, નવા ઉમંગ સાથે, નવી આશાઓ લઈને આવી છે અને જગતના લોકોને કહે છે કે બાળકો ! મીઠા બાળકો ! લાડલા બાળકો ! જેવી રીતે ઇશું પરમપિતા પરમાત્માનો દયા, પ્રેમ, કરુણા, ક્ષમાનો સંદેશ લાવ્યા એ રીતે હવે ફરીથી પરમપિતા પરમાત્માના શાંતિદૂત એટલેકે સાન્તાક્લોઝ, સૃષ્ટિના સ્થાપનકર્તા, સૃષ્ટિના રચયિતા, આદિદેવ પ્રજાપિતા બ્રહ્માના રૂપમાં હેવન લાવ્યાનો સંદેશ આપી રહ્યા છે ! સ્વર્ગ આવી રહ્યું છે ! મીઠા બાળકો, લાડલા બાળકો! હું તમારી માટે સ્વર્ગની ભેટ લાવ્યો છું એનો જીવનમાં સ્વીકાર કરો એટલે કે જીવનમાં ઉમંગ-ઉત્સાહ, આશા, સુખ-શાંતિ-પવિત્રતાનો અલોકિક આનંદ લો અને માયા, નકારાત્મકતા, નિરાશા, ઉદાસી, અવગુણો, ખરાબ આદતોને હવે રજા આપી દો અને રજાઓ મનાવો.  જુઓ દુ:ખી અશાંત બાળકો માટે હું આવ્યો છું.  હું સર્વ ધર્માત્માઓનો  ધર્મ પિતા છું, હું જ એ હેવનલી ગોડફાધર છું જેની માટે ઈશુએ કહ્યું કે “હું પરમાત્માએ મોકલેલ સંદેશવાહક છું અને કહ્યું કે ભગવાન, ઈશ્વર, ખુદા નહી, પરંતુ એમનો બાળક છું.

God Is Light પ્રભુ પ્રકાશ છે અને એ એક જ્યોતિ છે એટલે જ તો ચર્ચમાં પણ તમે મારી સમક્ષ મીણબત્તી પ્રગટાવીને દીપ પ્રજ્વલ્લિત કરો છો એ Light સ્વરૂપ, જ્યોત સ્વરૂપ પ્રભુને એટલેકે મને યાદ કરો છો "જીવનને પ્રકાશિત કરવા ઇચ્છો છો તો આવો, જીવનને પ્રકાશિત કરવા ઈશુ દ્વારા પ્રભુની જે શિક્ષાઓ મળી છે એમનું યથાર્થ પાલન કરી આપણા જીવનને સુખમય, શાંતિમય અને સ્વચ્છ, નિર્મળ, ચરિત્રવાન બનાવીએ અને જુનું વર્ષ જેવીરીતે વિદાય થાય છે એવીરીતે આપણે પણ દરેક દુ:ખદાઈ સ્મરણો, વાતો, બનાવો, એમને જીવનમાંથી હમેશા માટે વિદાય કરીએ.  Past is past ભૂતકાળની પ્રત્યેક વાતો અને ઘટનાઓને વિસરી દઈએ.  એ સ્મરણોને ખતમ કરીએ, એ વાતોને ભૂલી જઈએ એ ઘટનાઓને કબરમાં દાટી દઈએ અને આવવાવાળા નવા વર્ષનો ઉમંગ, ઉત્સાહ અને ખુશીથી બધા સાથે સ્નેહથી મળીને સ્વાગત કરીએ અર્થાત નવી સુખદ સ્મૃતિઓ, નવી વાતો, નવી યાદગાર ઘટનાઓથી જીવનને ખુશીઓથી ભરી દઈએ.

આપ સૌ પ્રતિ પણ અમારી ક્રીસમસ તહેવાર પર મંગલ શુભ ભાવના અને શુભ કામનાઓ સ્વીકાર કરજો.

-:ઓમ શાંતિ:-